media release

એપ્રિલ 10, 2018

# બ્રામ્પટનની પ્રતિષ્ઠા વર્લ્ડ-ક્લાસ પાવરહાઉસ તરીકે એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ માટે વધી રહી છે

***સસ્ટેઈનેબલ મોબિલિટીમાં યુરોપીયન આગેવાન હાઈ-ટૅક એસેમ્બ્લી સગવડ આપણાં શહેરમાં લાવી રહ્યું છે***

બ્રામ્પટન, ઓન્ટેરિયો - બ્રામ્પટનના વૈશ્વિક-કક્ષાના એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ (અત્યાધુનિક ઉત્પાદન) ક્ષેત્રમાં તદ્દન નવો ઉમેરો આપણાં શહેરમાં નોકરીઓ અને ટેકનોલોજી લાવી રહ્યું છે, અને નવા ઉત્પાદન રોકાણો માટે વેગ વધારી રહ્યું છે.

આજે અગાઉ, મેયર લિન્ડા જૅફ્રીએ મિનિસ્ટર ઓફ ઈકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ ગ્રોથ, માનનીય સ્ટીવન ડૅલ ડુકા સાથે જોડાઈને, લાઈટ રૅઈલ વેહિકલ્સ (LRVs) અને સંબંધિત પુરજાઓ માટે ઍલ્સ્ટોમના નવા એસેમ્બ્લી પ્લાન્ટની જાહેરાત કરી.

મે 2017 માં, પ્રોવિન્સે ઍલ્સ્ટોમ સાથે ગ્રેટર ટોરોન્ટો એન્ડ હેમિલ્ટન એરિયામાં (GTHA) લાઈટ રેઈલ ટ્રાન્ઝિટ (LRT) માટે 61 વાહનો પૂરા પાડવાના $528 મિલિયન મૂલ્યના કરારની ઘોષણા કરી, જેમાં વધારાના 44 વાહનો મેળવવાનો વિકલ્પ સામેલ છે. આ નોંધપાત્ર રોકાણ નવી સગવડમાં 100 અને 120 વચ્ચે ફુલ-ટાઈમ નોકરીઓ ઊભી કરશે અને બ્રામ્પટનના અતિ-કુશળ કાર્યબળને મોટા પગારની સ્થાનિક નોકરીઓ શોધવા માટેની તક પૂરી પાડશે. તેનાથી સમગ્ર પીલ અને GTHA માં 400 થી 500 જેટલી આડપેદાશ નોકરીઓ પણ ઊભી થશે.

શહેરના અધિકારીઓ પહેલી વખત ઍલ્સ્ટોમને ઓક્ટોબર 2017 માં મળ્યા હતા અને ગ્રાહક સેવા માટે સંકલિત અભિગમનો અમલ કર્યો હતો, જેનાથી ધંધાકીય સમુદાય માટે નગરપાલિકાની સેવાઓને એક નીક (કન્ડ્યુઈટ) પૂરી પાડી શકાશે.

30 ટકા ઉપરાંત બ્રામ્પટનનું આર્થિક ઉત્પાદન એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ સેક્ટર દ્વારા પેદા થાય છે. અતિ વૈવિધ્યસભર અર્થતંત્ર, સારા-શિક્ષિત, કુશળ કામદારનો અવિરત પ્રવાહ અને દેશમાં વ્યૂહાત્મક સ્થિતિ વડે, બ્રામ્પટનનું એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ સેક્ટર ઉત્પાદનનું વૈશ્વિક કક્ષાનું પાવરહાઉસ છે કારણ કે તે રોજગાર પ્રમાણે શહેરનો સૌથી વિશાળ ઉદ્યોગ છે, જે બ્રામ્પટનના લગભગ ત્રીજા ભાગના કાર્યબળને આવરી લે છે.

સસ્ટેઈનેબલ મોબિલિટીના પ્રમોટર તરીકે, ઍલ્સ્ટોમ પરિવહન ક્ષેત્ર માટે સિસ્ટમ્સ, સાધનો અને સેવાઓ વિકસાવે છે અને તેનું માર્કેટિંગ કરે છે. ફ્રાન્સમાં મુખ્યાલય ધરાવતું, ઍલ્સ્ટોમ 60 ઉપરાંત દેશોમાં સક્રિય છે અને 32,800 લોકોને નોકરીએ રાખે છે.

**મુખ્ય હકીકતો:**

બ્રામ્પટનનું એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ સેક્ટર એ બ્રામ્પટનનું સૌથી વિશાળ રોજગાર ક્ષેત્ર છે જેમાં:

- ઓટોમોટિવ, પ્લાસ્ટિક્સ, ફેબ્રિકેટેડ મેટલ અને અન્ય પેટા-ક્ષેત્રોને આવરી લેતી લગભગ 900 કંપનીઓ છે
- 35,000 ઉપરાંત કર્મચારીઓ
- આપણાં રાષ્ટ્રીય GDP માં $4 બિલિયન જેટલો અંદાજીત ફાળો

brampton.ca BRAMPTON Flower City

media release

**અવતરણો (ક્વૉટ્સ):**

“બ્રામ્પટન ટેક્નોલોજી અને નવીન શોધમાં વૈશ્વિક આગેવાન બનવાની રાહ પર છે. આપણી પાસે અહીં રહેતું અતિ-કુશળ વ્યવસાયિક કાર્યબળ છે અને આપણાં ધંધાકીય સમુદાયમાં ઍલ્સ્ટોમનો ઉમેરો આપણાં પોતાના શહેરમાં કામ કરવા ઇચ્છતા રહેવાસીઓને વધારાની એક તક પૂરી પાડે છે.”

- મેયર લિન્ડા જૅફ્રી (Linda Jeffrey)

“ઍલ્સ્ટોમ જેવી વૈશ્વિક કંપનીઓમાં રોકાણો એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વૈશ્વિક ખેલાડી તરીકે શહેરની પ્રતિષ્ઠા વધારે છે. તે મોટા પગારની નોકરીની તકો પણ પૂરી પાડે છે અને બ્રામ્પટનમાં ભાવિ રોકાણ માટેની સંભાવના પણ વધારે છે.”

- જૅફ બૉમેન (Jeff Bowman), પ્રમુખ, ઇકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ કલ્ચર (આર્થિક વિકાસ અને સંસ્કૃતિ)

“એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નવા ધંધાઓ આકર્ષવા એ સીટી ઓફ બ્રામ્પટન માટે વૃદ્ધિ પામવા મહત્વનું ક્ષેત્ર છે. આ સગવડને બ્રામ્પટનમાં લાવવા અમારા મિશ્રિત પ્રયત્નોમાં વ્યવસાયિકપણું અને સમર્પણ દેખાડવા બદલ હું ઍલ્સ્ટોમ અધિકારીઓનો આભાર માનવા ઇચ્છું છું. ઍલ્સ્ટોમ સાથે કામ કરવા વિવિધ શહેરી વિભાગો સામેલ થયા હતા અને અમારા સંકલિત અભિગમે આને ઝડપથી અને અસરકારક રીતે આગળ આવવા દીધું છે.”

- બોબ ડાર્લિંગ (Bob Darling), ડાયરેક્ટર, ઇકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ કલ્ચર (આર્થિક વિકાસ અને સંસ્કૃતિ)

-30-

**બ્રામ્પટનમાં મોટા પાયે ફેરફારો થઇ રહ્યાં છે.** આપણે વેધક ધ્યાન કેન્દ્રિત કરતા ભવિષ્ય માટે તૈયાર સંસ્થા છીએ. આપણે આપણાં સમુદાયની વૃદ્ધિ જાણીએ છીએ, જુવાની અને વિવિધતા આપણને અલગ અલગ કરે છે. આપણે કેનેડાના નવીન શોધ કરતા સુપર કોરિડોરના કેન્દ્રમાં સ્થિત, રોકાણ પ્રોત્સાહક અને આપણી વૈશ્વિક સફળતા વિકસાવનાર છીએ. આપણે ગુંજી ઊઠતા શહેરી કેન્દ્રો વિકસાવીએ છીએ જે ધ્રૂજતા નથી અને અહીં રહેતા અને કાર્યરત લોકોમાં ગૌરવ વધારીએ છીએ. આપણે બ્રામ્પટનને આગળ વધારી રહ્યાં છીએ જે તેને નવીનતમ, સર્વગ્રાહી અને જુસ્સામય શહેર બનાવે. અમને Twitter અને Facebook પર અનુસરો. www.brampton.ca પર વધુ માહિતી જાણો.

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા કોર્ડિનેટર (Media Coordinator)
સીટી ઓફ બ્રામ્પટન (City of Brampton)
905.874.3654 | natalie.stogdill@brampton.ca